## બારડોલી-નવસારી સ્ટેટ હાઈવે પર ફરી પાણી ફરી વળ્યાં

**માર્ગ** મકાન વિભાગ તદ્દન વામણું પુરવાર થયું, દબાણો ન હટાવતા લોકોમાં રોષ



બારડોલી: બારડોલી તાલુકાના ભૂવાસણ ગામની સીમમાંથી પસાર થતાં બારડોલી-નવસારી રાજ્ય ધોરીમાર્ગ પર તરભોણ પાટિયા પાસે ફરી એક વખત પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. મુખ્ય માર્ગ પર જળબંબાકારની સ્થિતિ સર્જાતા વાહનવ્યવહારને ભારે અસર પહોંચી છે. સ્થાનિક માર્ગ અને મકાન વિભાગની ઘોર બેદરકારીના કારણે વારંવાર સર્જાતી આ પરિસ્થિતિથી લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. દિવસ દરમિયાન માર્ગ બંધ રહેવાથી એસટી બસો અટવાઈ પડી હતી, જેના કારણે શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓ અને રોજિંદા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

કુદરતી જળસ્ત્રોતો અને પાણી નિકાલની કાંસને અવરોધીને કરવામાં આવેલા આયોજનવિહોણા બાંધકામો આ સમસ્યાનું મુખ્ય કારણ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા જ્યાં ગરનાળું બનાવવામાં આવ્યું છે, બરાબર ત્યાં જ ફેક્ટરી માલિક દ્વારા દીવાલ ચણી દેવામાં આવી છે. તંત્ર સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતાં પાણીના નિકાલનો માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. માર્ગ મકાન વિભાગ સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રસ્તા પર ફેક્ટરી સંચાલકો દ્વારા પાણી નિકાલના કુદરતી કાંસ પર દબાણો કરવામાં આવ્યા છે. છતાં માર્ગ મકાન વિભાગ અને વહીવટી તંત્ર કઈ કરી શક્યું ન હતું.

### નડતરરૂપ બાંધકામ દૂર કરવા લોકોની માંગ

ગ્રામ પંચાયત દ્વારા બાંધકામની પરવાનગી આપવામાં આવી નથી તેમ છતાં બિંબ કોલમ ઊભા કરી બાંધકામ કરી દેવાયું છે. ગ્રામ પંચાયત દ્વારા કેમ કોઈ પગલાં લેવામાં નથી આવતા માત્ર નોટિસ આપીને ગ્રામ પંચાયત પણ જવાબદારીમાંથી છટકી રહી હોવાનું પણ લોકો જણાવી રહ્યા છે. કડક પગલાં લઈ આ બાંધકામ તોડાવવામાં આવે તેવી ઉગ્ર માગ લોકો કરી રહ્યા છે.

### સોનગઢમાં ઐતિહાસિક દોસવાડા ડેમ ઓવરફ્લો, 17 ગામોને એલર્ટ કરાયા



સોનગઢ: સોનગઢ તાલુકાના ડોસવાડા ગામે આવેલા ગાયકવાડી સમયનો ઐતિહાસિક દોસવાડા વિયર ડેમ ઉપરવાસમાં પડેલા વરસાદને પગલે ઓવરફ્લો થયો છે. સોનગઢમાં 12 mm અને ઉકાઈ પંથકમાં 15 mm વરસાદ નોંધાતા ડેમના જળસ્તરમાં વધારો થયો હતો, જેને કારણે આ ડેમ છલકાઈ ગયો છે. ડેમ ઓવરફ્લો થતાંની સાથે જ વહીવટી તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે સહેલાણીઓની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. ડેમ ઓવરટોપ થઈને પાણી વહી રહ્યું હોવાથી નીચાણવાળા વિસ્તારમાં આવેલા આશરે 17 જેટલા ગામોને સાવચેતીના ભાગરૂપે એલર્ટ કરી દેવામાં આવ્યા છે. હાલ ડેમની સ્થિતિની વાત કરીએ તો, ડેમની ઉપરથી 2.4 સેમી પાણી વહી રહ્યું છે અને ડેમમાંથી 57.91 ક્યુસેક પાણી ડિસ્ચાર્જ કરવામાં આવી રહ્યું છે. એક તરફ વહીવટી તંત્ર દ્વારા સતર્કતા દાખવવામાં આવી રહી છે. તંત્ર દ્વારા નદીના પટમાં ન જવા તથા સાવચેતી રાખવા સ્થાનિકોને અપીલ કરવામાં આવી છે.કેકૂ કેકૂ

### વાલોડ તાલુકામાં 14 જેટલા માર્ગો બંધ, 4.5 ઈંચ વરસાદ



વાલોડ: વાલોડ તાલુકામાં મેઘાની લગાતાર બેટિંગથી સર્વત્ર પાણી પાણી થઈ ગયું છે. વાલોડ તાલુકામાં 14 જેટલા માર્ગો બંધ થયા છે. જેને લઈ લોકો મુશ્કેલીમાં મુકાય ગયા છે. મેઘરાજાએ જાણે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ છેલ્લા ચાર પાંચ દિવસથી વાલોડ તાલુકામાં મુશળધાર વરસાદ પડી રહ્યો છે. નદી નાળા, ખાડી કોતરો છલકાય ગયા છે. મંગળવારના રોજ 4.5 ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જેને કારણે ખેતરોમાં પણ પાણી ભરાય ગયા હતા. યોગ્ય પાણીના નિકાલના અભાવે ઠેર ઠેર પાણી ભરાયા હતા.

### અંકલેશ્વરમાં 2 ઈંચ વરસાદ: ડાયવર્ઝન ધોવાતાં ચાર ગામ કટઓફ થઈ ગયા

**ગ્રામજનોને** 15 કિમી લાંબો ચકરાવો



અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર તાલુકામાં છેલ્લા 24 કલાકથી વરસી રહેલા અવિરત વરસાદે જનજીવનને ચકરાવે લીધું છે. તાલુકામાં સરેરાશ ૨ ઈંચ વરસાદ નોંધાયો છે, જેના કારણે નવાગામ-કરાવેલ વચ્ચે બનાવવામાં આવેલું ડાયવર્ઝન સંપૂર્ણપણે ધોવાઈ જતાં કટઓફ થઈ ગયું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, નવાગામ અને કરાવેલ ગામને જોડતા આ ડાયવર્ઝન માર્ગ પર વરસાદી પાણીનો તીવ્ર ધસમસતો પ્રવાહ વહી રહ્યો હતો. જેના કારણે રસ્તાનો મોટો ભાગ ધોવાઈને તળિયે પહોંચી ગયો છે. બનાવ બાદ તંત્ર દ્વારા તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારમાં સેફ્ટી બેરિયર અને ટેપ લગાવી દેવામાં આવી છે અને આ માર્ગને તાત્કાલિક અવરજવર માટે બંધ કરી દેવાયો છે. આ રસ્તો બંધ થવાને કારણે નવાગામ, કરાવેલ, તેમજ આસપાસના અન્ય બે ગામોના કુલ ચાર ગામના હજારો નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હવે ગ્રામજનોને પોતાના દૈનિક કામકાજ માટે આશરે 15 કિલોમીટરનો વધારાનો ફેરાવો ફરવો પડે છે. સ્થાનિક ગ્રામજનોએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું કે, ચોમાસા પૂર્વે જ આ ડાયવર્ઝનના સ્થાને બ્રિજનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ તંત્ર તેની અધૂરી કામગીરી સમયસર પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું. જો આ બ્રિજ તૈયાર હોત તો આજે પાણી ફરી વળતાં ડાયવર્ઝન ધોવાઈ જવાનો અને ગામોના કટઅપ થવાનો પ્રસંગ ઉપસ્થિત ન થાત.

### બુહારીના કેબિન પ્રકરણમાં હાઈકોર્ટના સરકારી અધિકારી સામે આકરા તેવર

**હાઈકોર્ટનો** સ્ટે ઓર્ડર અમલમાં હોવા છતાં કેબિન દૂર કરવામાં આવી મુદ્દે હાઈકોર્ટ ખફા

**રાજકીય** દબાણમાં આવીને કાર્યવાહી કરનારા અધિકારીઓ ભેરવાયા, તા. 17મી જુલાઈએ વધુ સુનાવણી કરાશે

બુહારી: બુહારી ગામમાં ગરીબ વિધવા મહિલાની કેબિન તોડવાના પ્રકરણમાં ગુજરાત હાઈકોર્ટે સરકારી અધિકારીઓના વલણ અંગે ગંભીર નોંધ લીધી છે. ૭ જુલાઈના રોજ યોજાયેલી તાત્કાલિક સુનાવણી દરમિયાન જજ અનિરુદ્ધ પી. માયી સમક્ષ રજૂઆત થતાં કોર્ટે પ્રાથમિક દૃષ્ટિએ નોંધ્યું કે હાઈકોર્ટનો સ્ટે ઓર્ડર અમલમાં હોવા છતાં તથા કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના કેબિન દૂર કરવામાં આવી હતી. આ મામલે પ્રાંત અધિકારી સંદીપ ગાયકવાડ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પોલીસ ઈન્સ્પેક્ટર સહિત સંબંધિત અધિકારીઓને પક્ષકાર બનાવી નોટિસ ઈશ્યૂ કરવામાં આવી છે. ઉપરાંત, કેબિનધારકને થયેલા નુકસાનના વળતર અંગેનો મુદ્દો આગામી ૧૭ જુલાઈની સુનાવણી માટે નિર્ધારિત કરવામાં આવ્યો છે.

સુનાવણી દરમિયાન સિટી સર્વે સુપરિન્ટેન્ડન્ટને કોર્ટ સમક્ષ રૂબરૂ હાજર રહેવું પડ્યું હતું. તેમની દ્વારા દાખલ કરાયેલા એફિડેવિટમાં ગંભીર વિસંગતિ સામે આવી હતી. એફિડેવિટમાં કેબિનધારકને ૧૧ જૂનના રોજ સાંભળવાની તક આપવામાં આવી હોવાનું જણાવાયું હતું, જ્યારે વાસ્તવમાં નોટિસ જ ૧૨ જૂનના રોજ આર.પી.એ.ડી. મારફતે મોકલવામાં આવી હોવાનું દસ્તાવેજી પુરાવાથી સ્પષ્ટ થયું. કેબિનધારક તરફથી રજૂઆત કરતા એડવોકેટ કૃતિ શાહ દ્વારા આ મુદ્દે ધારદાર દલીલો કરવામાં આવી હતી. કોર્ટે આ બાબતને ગંભીર ભૂલ ગણાવી હતી. વધુમાં, કોર્ટના આદેશોની અવગણના કરતું વલણ દર્શાવાયું હોવાનું પ્રાથમિક રીતે નોંધતાં સિટી સર્વે સુપરિન્ટેન્ડન્ટ વિરુદ્ધ વિભાગીય તપાસ અંગે પણ કાર્યવાહી હાથ ધરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર ઘટનાક્રમથી સ્પષ્ટ થાય છે કે હાઈકોર્ટના સ્પષ્ટ સ્ટે ઓર્ડર હોવા છતાં અધિકારીઓ દ્વારા કાયદાને બાજુએ મૂકી કાર્યવાહી કરવામાં આવી હોવાનું કોર્ટ સમક્ષ ગંભીર પ્રશ્ન તરીકે ઊભું થયું છે. હવે આગામી સુનાવણીમાં આ મામલે વધુ મહત્વપૂર્ણ આદેશો આવવાની શક્યતા છે. રાજકીય દબાણમાં આવી કાર્યવાહી કરનારા અધિકારીઓ આખરે હાઈકોર્ટમાં ભેરવાયા.

**બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કારણે પાણીનો નિકાલ અટક્યોનો આક્ષેપ**

## ઉંટીયાદરા ગામના 100 એકર ખેતર બેટમાં ફેરવાયા, ખેડૂતોમાં રોષ

**ઊભો** પાક ડૂબી જતાં નુકસાન, યોગ્ય વળતર આપવા માંગ



પ્રવીણ તેરૈયા

### ભરૂચમાં 24 કલાકમાં વરસાદ

| તાલુકાવાર | - | મીમી |
|---|---|---|
| વાગરા | - | 82 |
| ભરૂચ | - | 30 |
| ઝઘડિયા | - | 47 |
| અંકલેશ્વર | - | 53 |
| હાંસોટ | - | 58 |
| વાલિયા | - | 63 |
| નેત્રંગ | - | 27 |

ભરૂચ, અંકલેશ્વર: ઉંટીયાદરા ગામમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કારણે વરસાદી પાણીના કુદરતી નિકાલમાં અવરોધ ઊભો થયો છે. ઈજનેરી ખામીને કારણે પાણીનો નિકાલ ન થતાં આશરે 100 એકર જમીન તળાવમાં ફેરવાઈ ગઈ હોવાનો આક્ષેપ ખેડૂતો કરી રહ્યા છે. ખેડૂતોના ઊભા પાક - કપાસ, તુવેર અને શાકભાજી - પાણીમાં ડૂબી ગયા છે, જેના કારણે ખેડૂતોમાં ભારે નારાજગી અને આક્રોશ વ્યાપી ગયો છે. હવામાન ખાતાએ જિલ્લામાં આગામી 24 કલાક દરમિયાન છૂટાછવાયા ભારે વરસાદની આગાહી કરી છે. આ સ્થિતિમાં ખેડૂતોની ચિંતા વધુ વધી ગઈ છે, કારણ કે નવા વરસાદથી પાણી ભરાવાની સમસ્યા વધુ વકરી શકે છે.

### ઉકેલ નહીં તો પ્રોજેક્ટ અટકાવવાની ચીમકી

ગામના ખેડૂત રાજેન્દ્રસિંહ વાંસદિયાએ જણાવ્યું કે, અનેક રજૂઆતો કરવા છતાં અધિકારીઓએ કોઈ ગંભીરતા દાખવી નથી. જો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી અટકાવીને આંદોલન કરશે.

### આ સ્થિતિ ભારે વરસાદને કારણે: મેનેજર

બુલેટ ટ્રેન પ્રોજેક્ટના મેનેજર ઉમાચંદ્રએ ખેડૂતોના આક્ષેપોને ફગાવી દેતાં કહ્યું કે, આ સ્થિતિ ભારે વરસાદને કારણે સર્જાઈ છે. અમે પાણીના નિકાલ માટે 6 પાઈપ (ભૂંગળા) મૂક્યા છે. જોકે, ખેડૂતો આ દાવાને સંપૂર્ણપણે નકારી રહ્યા છે અને કહી રહ્યા છે કે સ્થળ પર આવી કોઈ વ્યવસ્થા નજરે જોવા મળતી નથી.

### સાગબારા 1 કલાકમાં 3 ઈંચ વરસાદ, ઘરવખરી તણાઈ

સાગબારા, ભરૂચ: નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં સોમવારે માત્ર એક કલાકમાં ૩ ઈંચ (79 મીમી) વરસાદ ખાબકતા હવામાન ખાતાએ અગાઉથી જાહેર કરેલા રેડ એલર્ટ વચ્ચે મેઘરાજાએ જોરદાર કહેર બોલાવ્યો હતો.

મુશળધાર વરસાદને કારણે નદી-નાળાં ઉભરાઈ ગયા હતા. સેલંબા, ઘનશેરા અને સેલંબા ગોટપાડા વચ્ચે આવેલા લો-લેવલ પુલ પર વરસાદી પાણી ફરી વળ્યું હતું, જેના કારણે શાળાએથી પરત ફરતાં બાળકો અને સ્થાનિક ગ્રામજનોએ જીવનું જોખમ વહોરીને પાણીના તીવ્ર પ્રવાહમાંથી પસાર થવું પડ્યું હતું. તાલુકાની મુખ્ય અંબિકા નદીમાં પાણીની આવક વધતાં પૂર જેવી સ્થિતિ ઊભી થઈ હતી. સૌથી વધુ વરસાદ સાગબારા વિસ્તારમાં નોંધાતા વાતાવરણમાં અચાનક ફેરફાર થયો છે. પાણી ભરાવાને કારણે અનેક સ્થળોએ વાહનવ્યવહાર ખોરવાઈ



ગયો હતો, જેથી સ્થાનિક વહીવટી તંત્રે સાવચેતીના ભાગરૂપે વાહનોની અવરજવર બંધ કરવાની ફરજ પડી હતી.

### ડોલવણમાં સૌથી વધુ 7.7 ઈંચ વરસાદ, વાલોડમાં 7.0 ઈંચ

વ્યારા: તાપીમાં છેવાડાના નિઝર-કૂકરમુંડા તાલુકા સિવાય 24 કલાક દરમિયાન સાર્વત્રિક વરસાદી માહોલ રહ્યો હતો. જેમાં તાલુકા દીઠ વરસાદનાં આંકડા જોઈએ તો ડોલવણ તાલુકામાં સૌથી વધુ 7.7 ઈંચ વરસાદ વરસ્યો હતો. વાલોડ તાલુકામાં પણ વરસાદની જોરદાર બેટિંગ જોવા મળતા 7.0 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે તાપીના જિલ્લા મથક વ્યારામાં 4.7 ઈંચ , ઉકાઈમાં 3.0 ઈંચ , સોનગઢમાં 2.3 ઈંચ અને છેવાડાના ઉચ્છલ તાલુકામાં 1.6 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ડોલવણ અને વાલોડ તાલુકામાં ધોધમાર વરસાદ પડતાં અંબિકા, પૂર્ણા, ઓલણ સહિતની નદીઓ બે કાંઠે વહેતી થઈ હતી. વહેલી સવારથી વરસાદી માહોલ વચ્ચે જિલ્લામાં પંચાયત હસ્તકના કુલ 27 જેટલાં રસ્તાઓ પ્રભાવિત થયા હતાં.

## ઉપરવાસના પાણીના કારણે સીલુડી ગામમાં પૂર જેવી સ્થિતિ

**145** ઘરમાં ઘરવખરીનું નુકસાન, તંત્ર દ્વારા તાત્કાલિક સરવે

ભરૂચ: ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના સીલુડી ગામના ઇતિહાસમાં પ્રથમ વખત અભૂતપૂર્વ ઘટના બની છે, જ્યાં બે ફળિયા અચાનક પૂરગ્રસ્ત બની ગયા હતા. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. નોંધનીય છે કે સીલુડી ગામની આસપાસ કોઈ નદી ન હોવા છતાં, ઉપરવાસના પાણીના અતિપ્રવાહને કારણે ગામમાં પૂર સમાન સ્થિતિ સર્જાઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, શુક્રવારે થયેલા મુશળધાર વરસાદના કારણે અચાનક પાણીનો ધસમસતો પ્રવાહ ગામમાં ઘૂસી ગયો, જેણે ઈન્દિરા આવાસ અને મોટા ફળિયા વિસ્તારના અનેક ઘરોમાં પ્રવેશ કરી લીધો. આ પૂરના કારણે ઘરોમાં રાખેલો ઘરવખરીનો સામાન ધોવાઈ ગયો અને લોકોને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડ્યું. જોકે, સવારના ત્રણેક કલાકમાં પાણી ઉતરી જતાં રાહતના સમાચાર સામે આવ્યા છે.

આ ઘટનાને ગંભીરતાથી લેતાં જિલ્લા તંત્ર તાબડતોબ સક્રિય થયું અને તાત્કાલિક સરવે હાથ ધર્યો હતો. સરવે અહેવાલ મુજબ, કુલ 145 ઘરને પાણીના નુકસાનનો સામનો કરવો પડ્યો છે, જેમાં ઘરવખરી અને અન્ય જરૂરી સામગ્રીને ભારે નુકસાન પહોંચ્યું છે. ઝઘડીયાના ધારાસભ્ય રીતેશભાઈ વસાવા અને જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજે આજે પ્રભાવિત વિસ્તારની મુલાકાત લીધી હતી.

### માંડવીના બલેઠી ગામે ઝાડ સાથે બાઈક અથડાતા બે યુવકના મોત

**માંગરોળના** ઘોડબાર ગામના બંને યુવક ઝંખવાવ જવા નીકળ્યા હતા

માંડવ: માંડવી-ઝંખવાવ રોડ પર આવેલા બલેઠી ગામની સીમમાં પૂરઝડપે જઈ રહેલી મોટરસાઈકલ ઝાડ સાથે અથડાતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં માંગરોળના ઘોડબાર ગામના બે યુવાનના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે.

પોલિસ સૂત્રોના જણાવ્યા મુજબ ઘોડબાર ગામના મંદિર ફળિયામાં રહેતા રવિન પ્રભાતભાઈ વસાવા (ઉં.વ.૨૨) અને મોવળી ફળિયાના પંકિતભાઈ પ્રતાપભાઈ ચૌધરી (ઉં.વ.૨૬) સાંજના સમયે પોતાની હોન્ડા યુનિકોન મોટરસાઈકલ (નં. GJ 19 BN 7463) લઈ ઝંખવાવ તરફ નીકળ્યા હતા. મોડી રાત સુધી બંને યુવાનો ઘરે પરત ન ફરતા પરિવારજનોએ તેમની શોધખોળ આદરી હતી, જે બાદ બલેઠી ગામની સીમમાં માંડવી-ઝંખવાવ રોડ પર મોટરસાઈકલ અકસ્માતગ્રસ્ત હાલતમાં પડી છે અને બે યુવકના મૃતદેહ મળી આવ્યા હોવાની જાણ થતાં પરિવારજનોએ ઘટનાસ્થળે પહોંચીને જોયું ત્યારે બંને યુવાનોના મૃતદેહ ઝાડી-ઝાંખરામાં પડેલા હતા.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, રવિનભાઈ વસાવા મોટરસાઈકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રહ્યા હતા. દરમિયાન બલેઠી ગામ નજીક બાઈક પરનો કાબૂ ગુમાવતા તે રોડની બાજુમાં આવેલા ઝાડ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં ગંભીર ઈજા થતાં બંનેનું સ્થળ પર જ મોત થયું હતું. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### હથોડા ગામે જૂની અદાવતે યુવાનને પતાવી દેવાની ધમકી

હથોડા: હથોડા ગામે આવેલી ગુજરાતી શાળાની પાછળ રહેતા અક્રમ ઈનાયત આરફે પાલોદ પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના કાકા ભાઈ મુસા હિદાયત આરફ વચ્ચે વડીલો પાર્જીત જમીન બાબતે સુરત સેશન કોર્ટમાં તેમજ એક્સપ્રેસ વેમાં ગયેલી જમીનના વળતરમાં મળેલા પૈસા બાબતે માંગરોળ કોર્ટમાં કેસ ચાલે છે. જેની અદાવત રાખી આજ રોજ અક્રમ ઈનાયતને મુસા હીદાયત આરફ તથા મોહસીન ઉર્ફે મોયો યાકુબ ગાડીમાંથી નીચે ઉતરી આવી નાલાયક ગાળો આપી મોંઢા ઉપર તથા પાંચ છ લાફા મારી દીધેલા અને જતાં જતા આરોપી મુસો કહેતો હતો કે જમીન મેટર અને એક્સપ્રેસમાં ગયેલ જમીનના વળતરના આવેલા પૈસાના કેસમાં બહુ આગળ ચાલે છે. હવે પછી જો કોઈ જગ્યાએ સામે આવ્યો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. પાલોદ પોલીસે બંને જણા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વરની અપહૃત સગીરાને છોડાવી યુવકને ઝડપી પડાયો



અંકલેશ્વર: અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી અપહરણ થયેલી સગીરાને સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના ગુલિયા મોર વિસ્તારમાંથી સુરક્ષિત શોધી કાઢી હતી. ત્યારબાદ આરોપીની ધરપકડ કરી હતી. બંનેને અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા, જ્યાં સગીરાને તેના માતા-પિતા સાથે સુખદ મિલન કરાવવામાં આવ્યું હતું. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ શરૂ કરી છે.

### પીપોદરા નજીક વાહનની ટક્કરે યુવકનું મોત

હથોડા: પીપોદરા નજીક ક્રોસ કરી રહેલા 35થી 40 વર્ષના ખાલક નામનો યુવાન રોડ ક્રોસ કરવા જતાં પૂરઝડપે દોડી આવેલા હાઇવે પરથી અજાણ્યા વાહને ટક્કર મારતા ગંભીર ઘવાયેલા ખાલકનું મોત થયું હતું. બનાવ અંગે પાલોદ પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### તાતીથૈયામાં યુવતીનો રહસ્યમય આપઘાત

પલસાણા: પલસાણા તાલુકાના તાતીથૈયા ગામમાં આવેલ શ્યામ પેલેસમાં પરપ્રાંતીય યુવતીએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. મૂળ બિહારના પટનાના સોરમપુર ગામની અને હાલ તાતીથૈયાના શ્યામ પેલેસના રૂમ નંબર ૧૦૫માં ભાડે રહેતી જુહી ઉર્ફે જ્યોતિકુમારી રામનરેશ સિંઘ (ઉં.વ. ૨૮) એક કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતી હતી. સોમવારની રાત્રે તેણે પોતાના જ રૂમમાં સિલિંગ પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે ગુનો નોંધી આત્મહત્યાના કારણ અંગે તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વર હાઇવે પર વાહનની અડફેટે વૃદ્ધાનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વર નેશનલ હાઇવે-48 પર માંડવા ગામ નજીક આલ્કેમ કંપની પાસે રસ્તો ઓળંગી રહેલી આશરે 60 વર્ષીય અજાણી વૃદ્ધાનું અજાણ્યા વાહનની અડફેટે મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં દોડી આવેલી બી ડિવિઝન પોલીસે મૃતક મહિલાની ઓળખ તથા તેના વાલી-વારસની શોધખોળ હાથ ધરી છે. અકસ્માત બાદ વાહનચાલક ફરાર થઈ ગયો હતો.

### ચલથાણ સુગર ફેક્ટરીમાં સગીરાનો આપઘાત

પલસાણા: ચલથાણ સુગર ફેક્ટરીના રૂમ નંબર ૦૧માં રહેતી ૧૭ વર્ષીય સગીરાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના જલગાંવના કુમારીગામની વતની અને હાલ પલસાણાની ચલથાણ સુગર ફેક્ટરી ખાતે રહેતી પૂનમકુમારી ભીખાભાઈ વાઘેએ સોમવારના સવારના સમયે પોતાના જ રૂમમાં લોખંડની એંગલ સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઘટના સમયે સગીરાએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજી જાણી શકાયું નથી. આ સમગ્ર મામલે ચલથાણ સુગર ફેક્ટરીમાં જ નોકરી કરતાં વંદનાબેન ભીખાભાઈ વાઘ (ઉં.વ.૩૫) દ્વારા કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### નેંત્રગની સગીરા રાજકોટ જવા નીકળ્યા બાદ રહસ્યમય રીતે ગુમ

ભરૂચ: ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના એક ગામની 17 વર્ષીય સગીરએ તા.5મી જુલાઈએ બપોરે માતાને રાજકોટ નજીક રહેતા સંબંધીને ત્યાં જવાની વાત કરી હતી. માતા તેને ગામના થોડા અંતરે મૂકવા ગયા હતા, ત્યારબાદ સગીરાએ એકલી જતી રહેવાનું કહી માતાને પરત મોકલી દીધા હતા. જો કે, સાંજ સુધી યુવતીના મોબાઇલ સંપર્કમાં ન આવતાં પરિવારજનોને ચિંતા થઈ. તેમણે જ્યારે રાજકોટ ખાતેના સંબંધીનો સંપર્ક કર્યો, ત્યારે ખબર પડી કે સગીરા ત્યાં પહોંચી નથી. આ બનાવ બાદ યુવતીની માતાએ કોઈ અજાણ્યા શખ્સ દ્વારા અપહરણ કરવામાં આવ્યું હોવાની શંકા સાથે નેત્રંગ પોલીસ મથકમાં ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### ત્રણ વર્ષથી ફરાર પ્રોહિબિશન કેસનો આરોપી મુંબઈથી ઝડપાયો

અંકલેશ્વર: ભરૂચ એલસીબીની ટીમ દ્વારા અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશન કેસમાં છેલ્લા ત્રણ વર્ષથી ફરાર આરોપી ભરતભાઈ સુરેશભાઈ પેડણેકરને મુંબઈ ખાતે તેના નિવાસસ્થાનેથી ઝડપી લેવામાં આવ્યો હતો. આરોપીએ ગુનાની કબૂલાત કરતાં તેને ભરૂચ એલસીબી કચેરી ખાતે લાવવામાં આવ્યો છે.

### વાલિયાની રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજમાં GSET માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



ભરૂચ: વાલિયા ખાતે આવેલ રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજમાં ઉદિશા અને પ્લેસમેન્ટ સેલ, એલુમ્ની કમિટી તથા અર્થશાસ્ત્ર વિભાગના સંયુક્ત ઉપક્રમે GSET પરીક્ષા અંગે માર્ગદર્શન વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે કોલેજના ગૌરવશાળી ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સ્મૃત. એચ. સી. પટેલ (કંદરી) આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મિયાગામ કરજણના સહાયક પ્રોફેસર ડૉ. સુમિતકુમાર પરસોત્તમદાસ પરમાર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને GSET, NET, Ph.D. તેમજ પ્રોફેસર તરીકેની કારકિર્દી અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમની અધ્યક્ષતા ઇન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિ ભટ્ટે કરી હતી. આયોજન સમિતિમાં પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ, ડૉ. શર્મિલાબેન એસ. પટેલ તથા શીતલ ડી. મિસ્ત્રીએ સક્રિય યોગદાન આપ્યું હતું.

### વિદ્યાર્થીઓએ વ્યસન, દૂષણ અને કુસંગથી દૂર રહેવું: BAPS સ્વામિનારાયણના સંતો



બારડોલી: બારડોલી નજીક આવેલી ઉકા તરસાડિયા યુનિવર્સિટી ખાતે નવા પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે આયોજિત ઓરિએન્ટેશન કાર્યક્રમ 'આવકાર-2026' અંતર્ગત BAPS સ્વામિનારાયણ સંસ્થાના સંતો દ્વારા પ્રેરણાત્મક પ્રવચન યોજાયું હતું. કાર્યક્રમમાં અટલાદરા મંદિરના પૂજ્ય શીલનિધિ સ્વામી તથા સાંકરી મંદિરના પૂજ્ય ધ્યાનજીવન સ્વામીએ વિદ્યાર્થીઓને જીવનમૂલ્યો, સંસ્કાર અને સફળતાના સિદ્ધાંતો અંગે અસરકારક માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. વાય. પી. કોસ્ટા, વિવિધ કોલેજોના ડિરેક્ટરો, ડૉ. વિજય ગોંડલિયા, પ્રો. બી. એમ. વાઘેર તેમજ પ્રાધ્યાપકગણ ઉપસ્થિત રહ્યા હતા. સંતોએ જણાવ્યું કે વિદ્યાર્થી પોતે જ પોતાના જીવનનો રક્ષક અને પોષક છે. આધુનિક યુગમાં મોબાઇલ અને સ્ક્રીનનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો, વ્યસન, દૂષણ અને કુસંગથી દૂર રહેવું તથા સંસ્કાર અને પ્રમાણિકતાને જીવનનું મજબૂત પાયા બનાવવા અત્યંત જરૂરી છે. સચિન તેંડુલકર અને વિનોદ કાંબલીના જીવનપ્રસંગો દ્વારા સમજાવવામાં આવ્યું કે માત્ર પ્રતિભા પૂરતી નથી, પરંતુ જીવનના સિદ્ધાંતોને આત્મસાત કરનાર જ લાંબા ગાળે સફળતા પ્રાપ્ત કરે છે.


Milano MULTIPLEX

બારડોલી

Alpha
10:00am, 12:00pm, 03:00pm, 07:10pm, 09:00pm, 10:00pm

Minions & Monsters
02:00pm, 05:00pm

Welcome To The Jungle
10:50am, 12:50pm, 04:00pm, 05:45pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333